**હળવદના મે. એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલત,**
**મુ. હળવદ(એન.જી.સુરતી )GJ-00711**

---

**ફોજદારી પરચુરણ અરજી નં.–૨૦/૨૦૨૬**

**હળવદ પો. સ્ટે. સી–પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૮૯૦૦૧૨૫૧૧૦૯**

---

**ડાભી અક્ષય દીનેશભાઈ, ઉ.વ.આ.૩૨, ધંધો–મજુરીકામ,**

**રહે. મયુરનગર, તા.હળવદ, જી.મોરબી.**

**...........અરજદાર**

**::વિરુધ્ધ::**

**શ્રી સરકાર ............સામાવાળા**

---

**બી.એન.એસ.એસ.ની કલમ ૪૯૭ મુજબ મુદદામાલ પરત મેળવવા અરજી લગત હુકમ**

---

(૧) સદર કામે હાલના અરજદારે ઉપરોકત ગુન્હાના કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ વાહન **મીડ નાઈટ બ્લુ મારુતિસુઝુકી સ્વીફ્ટ કાર જેનો રજી. નં. જી.જે. ૩૬ એ.એલ. ૦૩૧૫**નો વચગાળાનો કબજો મેળવવા હાલની આ અરજ ગુજારેલ છે.

(૨) આ કામે તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય મંગાવવામાં આવેલ છે, જેમાં મુદ્દામાલ પરત નહીં સોપવાનો અભિપ્રાય આપેલ છે. વિ.એ.પી.પી.શ્રીએ અરજી પર''ગુન્હાની ગંભીરતા તથા તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય ધ્યાને લેતા અરજદારને મુદામાલ પરત સોંપવા સામે વાંધાનો શેરો કરેલ છે. તેમજ એવી મૌખિક રજુઆત કરેલ છે કે,ગુન્હાની ગંભીરતા જોતાં, સદરહુ ગુન્હાની તપાસ ચાલુ હોય જે બાબત ધ્યાને લેતા મુદ્દામાલ પરત

સોંપવા સામે વાંધો છે.

(૩) સદર કામે અરજદાર તરફે વિ.વ.શ્રીની દલીલ છે કે, સદરહુ વાહન આર.ટી.ઓ. કચેરીમાં તેમના નામે નોંધાયેલ છે અને તેઓની માલીકીનું છે અને સદર વાહનનો વાપર–ઉપયોગ તેઓ કરે છે અને તે વાહનનો તેઓ રોજ–બરોજના વપરાશનું સાધન છે. સદર વાહન જો વધુ સમય પો. સ્ટે. માં પડી રહે તો વાહનના ટયુબ, ટાયર, એન્જીન, વિગેરે નકામા થઈ જાય અને તેનાથી અરજદારને ઘણું જ નુકસાન થાય તેમ છે. જેથી નામદાર કોર્ટ જે શરતો ફરમાવે તે શરતોનું પાલન કરવાની શરતે સદરહુ વાહન પરત સોંપવા રજુઆત કરેલ છે.

(૪) મુદ્દામાલ અરજી સાથે અરજદારનું આધાર કાર્ડ, આર.સી.બુકની નકલ, એફ.આઈ.આરની નકલ, એફ.આઈ.આર.ની નકલ, ફાઈનાન્સ કંપનીનું નો–ઓબજેકશન સર્ટીફીકેટ, આરોપીઓની નો–કલેઈમ પુર્સીસ રજુ કરેલ છે.જેમા મુદામાલ વાહન **મીડ નાઈટ બ્લુ મારુતિસુઝુકી સ્વીફટ કાર જેનો રજી. નં. જી.જે. ૩૬ એ.એલ. ૦૩૧૫** જણાય છે.રજુ તમામ નકલો અસલ દસ્તાવેજો સાથે વેરીફાઈ કરી વંચાણે લેતાં, હાલમાં સદર વાહનના માલીક હાલના અરજદાર છે તેવું પ્રથમ ર્દષ્ટિએ ફલીત થાય છે.

(૫) આ કામે અરજદાર તરફે રજૂ થયેલ રજૂઆતો ધ્યાનમાં લેતાં એ હકીકત સામાન્ય સંજોગોમાં સ્વીકારી શકાય તેવી છે કે, મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં બિનવપરાશ પડયો રહે તો મુદ્દામાલને નુકશાન થાય અને અરજદારની રજુઆત મુજબ મુદ્દામાલ વાહન તેઓની રોજીંદી જરુરતમાં આવે છે.તેમજ એ હકીકત પણ સ્વયં સ્પષ્ટ છે કે, હાલનો મુદ્દામાલ જે કામમાં કબજે લેવાયેલ છે તે કામની ઈન્સાફી કાર્યવાહી

ચાલતા સમય લાગે તેમ છે. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ***સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત*** ના કેસમાં ***એ.આઈ.આર.૨૦૦૩ પાના નંબર ૬૮૩*** થી પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત લક્ષમાં લેતાં હાલનું વાહન અરજદારને પરત સોંપવું જોઈએ અને તેમ કરવાથી ન્યાયનું હીત જળવાય તેવું આ અદાલતનું માનવું છે.

(૬) આ કામે તપાસ કરનાર અમલદાર દ્વારા મુદ્દામાલ કોર્ટ ફરમાવે તો રજુ કરવાની શરતે સોપવામાં આવે તો હરકત સરખુ નહીં હોવાનો અભિપ્રાય રજૂ કરેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપિત સિધ્ધાંતો તથા કાયદાનો ન્યાય બર લાવે તેવો ઉદેશ ધ્યાનમાં લેતાં હાલનો મુદ્દામાલ અરજદારને સોંપવો જોઈએ,તેવું આ અદાલતનું માનવું છે. પરંતુ સંજોગો અને હકીકતો એકી સાથે લક્ષમાં રાખતાં, યોગ્ય શરતો ફરમાવી મુદ્દામાલ વચગાળાની કસ્ટડીમાં અરજદારને સોંપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ છે.

(૭) ઉપરોકત તમામ ચર્ચાઓને લક્ષમાં રાખતાં, ન્યાયનાહીતમાં હાલની અરજી શરતો સાથે મંજુર કરવાને પાત્ર હોય, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: <u>હુકમ</u> ::**

બી.એન.એસ.એસ કલમ–૪૯૭ મુજબ અરજદારને **હળવદ પો. સ્ટે. એ–પાર્ટ ગુ.ર.નં.૧૧૧૮૯૦૦૧૨૫૧૧૦૯ પ્રોહી એકટની કલમ–૬૫એએ, ૧૧૬બી, ૯૮(૨)** મુજબના કામનો મુદ્દામાલ વાહન **મીડ નાઈટ બ્લુ મારુતિસુઝુકી સ્વીફટ કાર જેનો રજી. નં. જી.જે. ૩૬ એ.એલ. ૦૩૧૫** મુદામાલ પાવતીમાં જણાવેલ કિંમતની દોઢી રકમના જામીન તેમજ તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કર્યેથી નીચેની

શરતોને આધિન વચગાળાની કસ્ટડીમાં સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u>:–**

**અરજદારે,**

(એ) સદરહુ વાહન કેસ ચાલતાં દરમ્યાન કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કરવું – કરાવવું નહી, તે જ રીતે મુદ્દામાલ વાહનની માલીકી, કબજા, સ્થિતી કે ઓળખમાં કોઈ પણ પ્રકારે ફેરફાર કરવો નહીં.

(બી) અરજદારે સદરહું વાહનના ત્રણ અલગ–અલગ એંગલના ફોટોગ્રાફસ સ્વખર્ચે પડાવી તેના પર તેની સહી કરી, જે તે પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકૃત અધિકારી દ્વારા પ્રમાણીત કરાવી એક નકલ પોલીસ સ્ટેશનમાં આ ગુન્હાના કામે તપાસના કાગળો માટે, બીજી એક નકલ પોલીસ સ્ટેશનના એમ.ઓ.બી. વિભાગના રેકર્ડ સારું પોલીસ સ્ટેશનમાં તથા ત્રીજી એક નકલ અદાલતમાં ચાર્જશીટ સાથે રજૂ કરવા જે તે તપાસ કરનાર અધિકારીને સોંપી આપવી. લાગતા–વળગતા પોલીસ અમલદારે તે રીતે હુકમનું પાલન કરવું.

(સી) સદરહુ વાહનનો કોઈ પણ રીતે / પ્રકારે કોઈ પણ ગુન્હાહિત કૃત્ય/પ્રવૃત્તિમાં ઉપયોગ કરવો– કરાવવો નહીં, અને તે રીતે વપરાશ કરવો.

(ડી) સદરહુ વાહન નામદાર કોર્ટ અથવા તપાસ કરનાર અમલદાર જયારે અને જયાં જરૂર પડયે મંગાવે ત્યાં રજુ કરવાનુ રહેશે.

(ઈ) પોતાના રહેઠાણનું તથા ધંધા/નોકરીનું સરનામુ અને મોબાઈલ નંબર જાહેર કરવા.

(એફ)સદરહુ વાહન અંગે જામીન તથા જાતમુચરકો સંબંધિત પો. સ્ટે.માં

આપવા તેમજ તપાસ કરનાર અમલદારે મુદ્દામાલ હુકમ અનુસાર અરજદારને વચગાળાની કસ્ટડીમાં સોંપવો અને તે અંગેનો વિગતવાર રીપોર્ટ જરુરી બોન્ડ સહીત ચાર્જશીટ રજૂ કરતાં સમયે અત્રેની અદાલતને કરવો.

હુકમની યાદી સંબંધીત પોલીસ સ્ટેશને કરવી.

હુકમ આજ રોજ તા.૧૬મી, માહે:માર્ચ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

હળવદ.

તા.૧૬/૦૩/૨૦૨૬

(નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ.
કોડ નં.જી.જે.૦૦૭૧૧.

*H.D.Lakum*
*Steno.*